
# રેલવે અન્ડર બ્રિજની કામગીરીની ગુણવત્તા સામે સવાલો મંડરાયા

**ટુંકા સમયમાં જ બ્રિજના આરસીસી સ્ટ્રકચરમાંથી પાણી ટપકવાની શરૂઆત : એલઇડી લાઇટસ પણ બંધ રહેતાં રાહદારીઓને હાલાકી**







ગાંધીનગર તા ૧૧

શહેરમાં ક થી ખ માર્ગને જોડતા રેલવે અન્ડર બ્રિજનુ થોડા સમય અગાઉ જ લોકાર્પણ કરાયુ છે. પરંતુ હજુ થોડા દિવસો જ થયા છે ત્યાં બ્રિજના દરેક સાંધામાંથી પાણી ટપકતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જયારે બ્રિજને અનુલક્ષી પુરતા લાઈટીંગ કરવામાં આવી છે. પરંતુ મોટાભાગના લાઈટો પણ બંધ રહે છે. જયારે બ્રિજ પરના લાઈટીંગ લેમ્પની પણ ઉઠાંતરી થતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં હમણાં અન્ડર પાસ બનાવાની યોજના પુરજોશમાં ચાલી રહી છે. એક બ્રિજનુ કામ પુર્ણ થાય અને તુરંત જ નવા અન્ડર પાસને મંજુરી પણ આપી દેવામાં આવે છે. ત્યારે કરોડોના ખર્ચે નિર્માણ થતા નવા બ્રિજની કામગીરીની ગુણવત્તા સામે પણ અનેક સવાલો મંડરાય છે. આ બ્રિજના દરેક આર સી સી બીમમાંથી પાણી ટપકે છે. જયારે બ્રિજ પર લગાવાયેલી લાઈટીંગ પણ ચાલુ હોતી નથી જેના લીધે રાહદારીઓને તકલીફ વેઠવી પડે છે. હજુ તો શહેરમાં એટલો વરસાદ પણ આવ્યો નથી ત્યાં આ બ્રિજના સાંધામાંથી પાણી ટપકતુ જોવા મળી રહ્યુ છે જેના લીધે બ્રિજની કામગીરીની ગુણવત્તા સામે પણ પ્રશ્ન મંડરાયો છે. જયારે બ્રિજની લાઈટો પણ ડુલ રહે છે. રેલવે અન્ડર બ્રિજનુ કામ લાંબા સમયના અંતે પુર્ણ થયુ છે જયારે આ બ્રિજના નિર્માણ પાછળ પણ કરોડો રૂપિયનો ખર્ચ કરાયો છે. શહેરના ઘ માર્ગ પર ઘ-૪ જંકશન પાસે નવનિર્મિત બ્રિજની પણ દશા ખરાબ છે. એક જ વરસાદમાં બ્રિજ જળબંબાકાર બની ગયો હતો. ત્યારે રેલવે અન્ડર પાસની કામગીરી સામે પણ સવાલો મંડરાયા છે. બ્રિજમાંથી પાણી ટપકતુ હોવાની ફરિયાદો જાગૃત નાગરિકો કરી રહ્યા છે બીજીતરફ બ્રિજના લાઈટીંગ લેમ્પસની પણ ઉઠાંતરી થતી હોવાનો આક્રોશ પણ સ્થાનિકોમાં પ્રબળ બન્યો છે. આ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા અન્ડર પાસની સ્થિતિનુ નિરિક્ષણ કરી યોગ્ય પગલા લેવા જોઈએ તેવી માંગણી પણ ઉઠવા પામી છે.

# સે-૧૭માં છ-કક્ષાના ૨૦ જોખમી બ્લોક તોડી નંખાશે

**નવા એમ.એલ.એ. ક્વાર્ટસ પણ આ જગ્યાએ બનશે : હાઇરાઇઝ ટાવર ઉભા કરાશે : વિધાનસભાના અધ્યક્ષ અને સદસ્ય નિવાસ સમિતિના સભ્યો સાથે પરામર્શ કરાશે**

ગાંધીનગર તા ૧૧

સે-૧૭ માં છ કક્ષાના જુના અને જોખમી બ્લોક તોડી નાંખવામાં આવશે. જુના એમ એલ એ કવાર્ટસના આ ૨૦ જેટલા બ્લોક તોડીને આ ઠેકાણે નવા એમ એલ એ માટે હાઈરાઈઝ બિલ્ડીંગ બનાવાશે. જો કે હજુ આ બ્લોક પૈકી ઘણાં મકાનોમાં રહીશોનો વસવાટ છે આ મકાનો ખાલી થયા બાદ બધા બ્લોક તોડવાનુ કામ પણ શરૂ કરી દેવાશે.

શહેરમાં નવા એમ એલ એ ક્વાટર બનાવવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. સદસ્ય નિવાસ સમિતિ કક્ષાએથી સુચનો મેળવી ધારાસભ્યો માટે નવા મકાનો બનાવાની કાર્યયોજના આખરી થશે. શહેરના સે-૧૭ માં જુના એમ એલ એ કવાર્ટર તોડીને નવા મકાનો બાંધવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. સે-૧૭ માં જયાં જુના એમ એલ એ કવાર્ટર હતા તેવા છ કક્ષાના મકાનો હાલ ભયજનક હાલતમાં છે. આ જોખમી મકાનો પૈકી કેટલાક આવાસોમાં હજુ પણ વસવાટ છે. ત્યારે પ્રથમ તબક્કામાં આ આવાસો ખાલી કરાવાશે. ત્યારબાદ જુના આવાસો તોડીને તેના સ્થાને નવા મકાનો બાંધવા માટેની કામગીરી હાથ ધરાશે. જુના છ કક્ષાના અંદાજિત ૨૦ બ્લોક તોડવામાં આવશે. શહેરમાં હાલ સે-૨૧ માં એમ એલ એ કવાટર છે.

જયારે નવા હાઈરાઈઝ ટાવર ઉભા કરવા માટે સે-૧૭માં જુના એમ એલ એ કવાટર્સની જગ્યાએ સ્થળ પસંદગી કરવામાં આવી છે. અંદાજિત ૧૯૦ જેટલા એમ એલ એ કવાર્ટર બનાવવા માટે કાર્યયોજના તૈયાર થઈ રહી છે. જો કે આ યોજનાને આખરી કરતા પુર્વે વિધાનસભાના અધ્યક્ષ તેમજ સદસ્ય નિવાસ સમિતિ સાથે જરૂરી ચર્ચા વિચારણા પણ હાથ ધરાશે. જો કે હજુ સે-૧૭ ના જુના જ કક્ષાના જોખમી મકાનો તોડવાનુ કામ પણ શરૂ થતા સમય લાગશે. થોડા સમય અગાઉ નાયબ મુખ્યમંત્રીએ પણ સે-૧૭ તેમજ સે-૨૧ ના વિસ્તારનો રાઉન્ડ લઈ નવા એમ એલ એ ક્વાટર્સ બનાવવા માટે સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ હતુ આ દરમિયાન સે-૨૧ ની એમ એ એલ એ કેન્ટીનમાં એ સી મુકવા સહીત વિવિધ મુદ્દે પણ સ્થાનિક સભ્યો દ્વારા રજુઆત કરવામાં આવી હતી.

# રૂટબોર્ડ વિના દોડતી બસોના મામલે ડ્રાઈવર-કંડકટરને ૧ હજાર દંડ કરાશે

**ડ્રાઇવર કંડકટરને તેમના શિડ્યુલ મુજબ રૂટ બોર્ડ તૈયાર કરાવી લેવા માટે પણ સુચના : ડેપોમાં રૂટ બોર્ડ તૈયાર કરવા માટે પેઇન્ટરને કામ સોંપાયુ**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર ડેપોમાં ડ્રાઈવર કંડકટરને જરૂરી રૂટ બોર્ડ લગાવી દેવા માટે કડક સુચના આપવામાં આવી છે. આ માટે ડેપોમાં પેઈન્ટર પણ કામે લગાડાયો છે. જયારે આગામી તા ૧૫ ઓગષ્ટ બાદ કોઈપણ બસમાં રૂટ બોર્ડ લાગેલા ન હોય તેવા કિસ્સામાં રૂ ૧ હજાર જેટલો દંડ કરવામાં આવશે.

ગાંધીનગર એસ ટી ડેપોની બસમાં રૂટ બોર્ડ ન હોય તે અંગે પણ વારંવાર મુસાફરોની ફરિયાદો ઉઠતી રહે છે. જયારે ડ્રાઈવર કંડકટરો પણ આ મામલે યોગ્ય ધ્યાન ન આપતા હોવાથી બસની વાટે ઉભેલા મુસાફરોને પણ યોગ્ય માર્ગદર્શન મળતુ નથી. આ સ્થિતિ વચ્ચે હાલની સ્થિતિએ ડેપોના ડ્રાઈવર કંડકટરોને રૂટ બોર્ડ લગાવી દેવા માટે પણ કડક સુચના આપવામાં આવી છે. ડેપોના મેનેજરે આ અંગે જણાંવ્યા મુજબ આ માટે ડેપોમાં છેલ્લા ચાર દિવસથી પેઈન્ટર પણ કામ સોંપવામાં આવ્યુ છે. આ દરમિયાન દરેક ડ્રાઈવર કંડકટરને તેમના શિડ્યુઅલ મુજબ રૂટ બોર્ડ તૈયાર કરાવી લેવા માટે પણ સુચના આપવામાં આવી છે. પેઈન્ટર દ્વારા આગામી રવિવાર સુધી રૂટ બોર્ડ તૈયાર કરાશે. ડેપો કક્ષાએથી પણ ડ્રાઈવર કંડકટરોને પોતાની બસના રૂટ મુજબ બોર્ડસ તૈયાર કરાવી લેવા માટે જણાંવાયુ છે. જયારે તા ૧૫ ઓગષ્ટ બાદ એક પણ વાહન રૂટ બોર્ડ વિનાનુ માલુમ પડશે તો રૂ ૧ હજાર સુધીનો દંડ વસુલાશે તેમ પણ જણાંવાયુ છે.

# શહેરમાં સમાવિષ્ટ ગામોમાં નબળી વસુલાત

**ગ્રામ્ય વિસ્તારની નબળી વસુલાત સામે કમિશનરની નારાજગી : મિલ્કતવેરા માટે પંચાયતોના માગણા મુજબના બિલો જનરેટ કરી તેનું વિતરણ કરવા અને વસુલાત માટે તાકીદ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ૧૮ જેટલા ગામોમાં મિલ્કતવેરાની નબળી વસુલાતને લઈ કમિશનર ડૉ. ધવલ પટેલ ચોંકી ઉઠ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આ ગ્રામ્ય વિસ્તારમાં પંચાયતોની આકારણી મુજબ ૯ કરોડ રૂ. જેટલો મિલ્કતવેરો વસુલવાનો થાય છે. આજ સુધીમાં માત્ર રૂ. બે કરોડ જેટલી જ વસુલાત થઈ છે જે કુલ માગણાની સામે ૨૦ ટકા જેટલી થવા જાય છે.

કમિશનરે પંચાયતોના માગણા મુજબના બિલ જનરેટ કરી વિતરણ કરવામાં આવ્યા કે નહિ તે બાબતે પણ તંત્રને કડક સૂચના આપી બિલોનું વિતરણ તાત્કાલિક કરવા અને વસુલાત વધુને વધુ થાય તેના પર ભાર મુક્યો હતો.

ગાંધીનગર શહેરમાં ૫૫ ટકા જેટલી વસુલાત થઈ હતી જેની સામે આ ગ્રામ્ય વિસ્તારો જે હમણાં ભેળવવામાં આવ્યા છે તેમાં માત્ર ૨૦ ટકા જ વસુલાત થઈ હોવાથી તંત્રને આ વસુલાત માટે લોકજાગૃતિ કેળવવા તેમજ તેમને સમયસર બિલો મળે તે જોવા માટે તંત્રના અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી છે.

● અનુસંધાન પાન-૭ પર

# પ્રાણીઓ પરના રિસર્ચ માટેની લેબ ગાંધીનગરમાં બને તેવી સંભાવના

ગાંધીનગર,તા.૧૧

ગુજરાત માટે વધુ એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાતમાં હવે વધુ એક રાષ્ટ્રીય સ્તરની લેબ બનવા જઈ રહી છે. જેમાં તમામ પ્રાણીઓ પર રિચર્સની લેબ બનશે. કેન્દ્ર સરકારના પ્રોજેકટ અંતર્ગત ગાંધીનગરમાં આ લેબ બને તેવી પુરેપુરી સંભાવનાઓ દેખાઈ રહી છે. આ આંતરરાષ્ટ્રીય સ્તરની લેબમાં પ્રાણીઓ પર રિસર્ચ અને અન્ય કામો માટે મહત્વના કામકાજ થશે.


ગુજરાતમાં તમામ પ્રાણીઓ પરના રિસર્ચ માટેની લેબ બનવા જઈ રહી છે. આ રાષ્ટ્રીય સ્તરની લેબ ગુજરાતમાં બનાવવા માટે મંજુરી મળી ગઈ છે. રાજ્યના પાટનગર ગાંધીનગરમાં આ રીસર્ચ લેબ બનશે. ભારત સરકારના લાયન પ્રોજેક્ટ અંતર્ગત આ સેન્ટર બનશે. આખા ભારતના તમામ પ્રાણીઓ પર રીસર્ચ અને અન્ય કામો માટે લેબ મહત્ત્વની સાબિત થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કોરોના વાઈરસના ઉદભવને મુદ્દે ચીનનું વુહાન શહેર વિશ્વના નિશાન પર છે. વુહાન શહેરમાં વાઈરસનો ઉદભવ થયો તેવો એક વધુ દાવો સામે આવ્યો છે. કહેવાય છે કે વુહાનની લેબમાં જેનેટિક એન્જિનિયરિંગની મદદથી ૧૦૦૦થી વધુ પ્રાણીઓના જીન બદલી નાખવામાં આવ્યા છે. તેમાં વાનર અને સસલાનો પણ સમાવેશ થાય છે. દાવો થઈ રહ્યો છે કે વુહાનથી જ સમગ્ર વિશ્વમાં કોરોના વાઈરસ ફેલાયો છે.

મોટાભાગના દેશોમાં આવા પ્રયોગો અનૈતિક માનવામાં આવે છે. ચીન એમ દર્શાવવા પ્રયાસ કરી રહ્યું છે કે તેની વુહાન સહિતની પ્રયોગશાળામાં જૈવ સુરક્ષા પર પ્રયોગો ચાલી રહ્યા છે. પરંતુ હકીકતે ત્યાં જીવતા પ્રાણીઓ પર પ્રયોગ થાય છે અને તેમની સુરક્ષાની તકેદારી પણ નથી રાખવામાં આવતી.

# મેટ્રો રેલ પ્રોજેક્ટમાં ૧ હજારથી વધુ વૃક્ષોનું નિકંદન નિકળશે

**રાજ્ય વન વિભાગે મંજૂરી આપી, કેન્દ્રની મંજૂરીની રાહ જોવાય છે**




ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટને પગલે ગાંધીનગર શહેરના એક હજારથી વધુ વૃક્ષોને હટાવવામાં આવશે. આ માટે રાજ્યના વન વિભાગ દ્વારા મંજૂરી આપી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

રાજ્યના વન વિભાગની મંજૂરી ઉપરાંત કેન્દ્રના વન વિભાગની પણ મંજૂરી લેવી જરૂરી હોવાથી હાલ આ અંગે કેન્દ્રને રજુઆત કરી છે અને તે મંજૂરી પણ એકાદ સપ્તાહમાં મળી ગયા બાદ વૃક્ષોને હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

મેટ્રો રેલ પ્રોજેક્ટ ૨૦૨૨ના અંત સુધીમાં કાર્યરત કરી દેવામાં આવે તે રીતે આખુ આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. ગાંધીનગર અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ એલીવેટેડ પ્રોજેક્ટ છે. હાલ આ અંગેની પ્રાથમિક કામગીરી શરૂ થઈ ગઈ છે અને આગામી માસથી વૃક્ષોને દૂર કરવાની કામગીરી હાથ ધરાશે.

ગાંધીનગર શહેરમાંથી વૃક્ષોની સંખ્યા ઘટી રહી હોવાથી હવે પર્યાવરણવાદીઓ સક્રિય બન્યા છે. આ વખતે રિ-ટ્રાન્સપ્લાન્ટ કેટલા વૃક્ષો થશે તેનો અંદાજ નથી પણ એક હજારથી વધુ વૃક્ષો દૂર થશે.

# હાઈકોર્ટ ૧૨ થી ૧૪ ઓગસ્ટ સુધી બંધ રહેશે

**૧૭ ઓગસ્ટથી શરુ થશે પ્રત્યક્ષ સુનાવણી**

અમદાવાદ,તા.૧૧

૧૭ ઓગસ્ટથી ગુજરાત હાઈકોર્ટમાં પ્રત્યક્ષ સુનાવણી શરુ થશે. અગાઉ નામદાર હાઈકોર્ટ દ્વારા આ મામલે ગુજરાત હાઈકોર્ટે એડવોકેટ એસોસિએશન સાથે મળીને ઘણા લાંબા સમય પછી પ્રત્યક્ષ સુનાવણી શરૂ કરવા માટેનો નિર્ણય લીધો છે. જોકે આ પ્રત્યક્ષ સુનાવણી શરુ થતા પહેલા કોરોનાને ધ્યાનમાં રાખીને ૩ દિવસ એટલે કે, ૧૨ ઓગસ્ટથી ૧૪ ઓગસ્ટ સુધી ગુજરાત હાઈકોર્ટ બંધ રાખવા માટેનો નિર્ણય લેવાયો છે. આ ત્રણ દિવસ દરમિયાન હાઈકોર્ટની તમામ પ્રિમાઈસીસમાં સાફસફાઈ સાથે સેનેટાઈઝેશન કરવામાં આવશે.

હાઈકોર્ટે ૧૨ ઓગસ્ટથી ૧૪ ઓગસ્ટ બંધ રહેશે. આ સાથે ૧૭ તારીખે તમામ એસઓપીની ગાઈડલાઈન મુજબ નિશ્ચિત કરેલા લોકોને જ પ્રવેશ અપાશે. કોરોનાને કારણે ૧૬ મહિના બાદ નામદાર ગુજરાત હાઈકોર્ટ પ્રત્યક્ષ સુનાવણી શરૂ કરવા જઈ રહી છે. ત્યારે આગમચેતીના પગલાં લેતા હાઈકોર્ટ દ્વારા સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર જાહેર કરવામાં આવી છે. આ કાર્યવાહિ અંતર્ગત તમામ નિયમોનું હાઈકોર્ટના સ્ટાફ, વકીલો, તેમજ કેસ માટે આવતા પક્ષકારોએ પાલન કરવાનું રહેશે.

સરકારે બહાર પાડેલી સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ કાર્યવાહીમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, તમામ લોકો હાઈકોર્ટમાં પ્રવેશ ગેટ નંબર ૨ અને ૫ પરથી લઈ શકશે. ગેટ નંબર ૨ અને ૫ ઉપર પ્રવેશ લેનારા તમામ લોકોનું થર્મલ સ્કીનીંગ કરવામાં આવશે. આ સ્ક્રિનિંગ દરમિયાન જો કોઈને ફ્લૂ, તાવ, કફ હોય તો તે લોકોને પ્રવેશ આપવામાં આવશે નહીં. આ સાથે વકીલો પક્ષકારો રજીસ્ટર ક્લાર્ક કોર્ટના પરિસરમાં આવેલા ૧૨ રૂમ સુધી પ્રવેશ કરી શકશે. આ ઉપરાંત કોર્ટના બીજા માળે જવા માટે એલિવેટર બંધ રાખવામાં આવી છે.


**MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, MUMBAI**
**NOTICE UNDER RULE 260(1) OF MAHARASHTRA MOTOR VEHICLE ACT-1989**
**APPLICATION NO. 525 of 2020**

Smt.Apeksha Sudarshan Tikekar & Ors ... Applicants
V/s
Shri Arun Kumar Pandey ... Opp.Party
And
I.C.I.C.I. Lambard Gen. Insurance Co.Ltd. ... Insurance

To,
Shri Arun Kumar Pandey
Flat No.102, Shreeji Complex, Falia, Aamli,
Silvassa Dadar Nagar Haveli - 396259,

Whereas as per the application annexed, the applicants have filed an application against you to get the compensation Under Section 166 & 140-A of Motor Vehicle Act - 1988 regarding the mentioned accident under section 165 clause (1) of Motor Vehicle Act - 1988. You are therefore required to remain present in Court No. 03 on 26/08/2021 at 11. A.M. for hearing of the claim application before Hon'ble Member of the Tribunal which you please take notice thereof.

You are hereby further informed that you may remain present on the aforesaid fix date with your evidence and file your say in the matter. If you fail to remain present or not produce any evidence then the above claim application shall be heard in your absence and order shall be passed accordingly, which please take note.

This Notice is issued today on 07/07/2021 with my signature and seal of the Judicial Court.

By Order
Court Seal
Registrar
M.A.C.T. Mumbai
9, H.S. Marg, Mumbai - 400001












## રાજ્યમાં નવા કોરોનાનાં ૧૬ કેસ

ગાંધીનગર, તા.૧૧

રાજ્યમાં કોરોના તબક્કાવાર રીતે કાબુમાં આવી રહ્યો છે. રાજ્યમાં કોરોનાના નવા માત્ર ૧૬ કેસ જ નોંધાયા છે. તો બીજી તરપ ૨૮ દર્દીઓ સાજા પણ થઈ ચુક્યા છે. અત્યાર સુધીમાં ૮,૧૪,૮૩૦ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. રાજ્યમાં કોરોનાથી સાજા થવાનો દર પણ ઝડપથી સુધરી રહ્યો છે. રાજ્યમાં કોરોનાતી સાજા થવાનો દર ૯૮.૭૬ પર પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર ખુબ જ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૩,૨૪,૧૬૮ દર્દીઓનું રસીકરણ થયું છે. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૧૯૪ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૩ વેન્ટીલેટર પર છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com